Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# ૧૮મી-૧૯મી સદીમાં ગુજરાતની સ્ત્રીઓની સ્થિતિ

**Chaudhari Manojkumar Laljibhai**
Ph.d. scholar, Department of History, Sardar Patel University, Vallabh Vidyanagar

➢ સારાંશ-

૧૮મી અને ૧૯મી સદી દરમિયાન ભારતમાં સ્ત્રીઓની સામાજિક સ્થિતિ બહુ જ દયાજનક અને કથળેલી જોવા મળતી હતી. આ સમય દરમિયાન સામાજિક કુરિવાજો લગભગ સમાજના મોટાભાગના વર્ગોમાં જોવા મળતા હતા. જેમાં ગુજરાતની સ્ત્રીઓ પણ આ પ્રમાણેના વિવિધ સામાજિક કુરિવાજોની ભોગ બની હતી. અને એ સમય દરમિયાન ગુજરાતના ઉચ્ચ વર્ગોમાં પણ આ સામાજિક દૂષણો જોવા મળતા હતા. જેમાં પાછળથી તેને દૂર કરવા વિવિધ સામાજિક સંસ્થાઓની સ્થાપના થઈ. અને તેમાં કેટલીક મહિલાઓ અને અન્ય સામાજિક સુધારકોએ સારી કમગીરી બજાવી હતી. આ બાબતો વિશે સંશોધન દ્વારા માહિતગાર કરવામાં આવેલ છે.

➢ ચાવીરૂપ શબ્દો – સ્ત્રી, કજોડાં, સતી

➢ પ્રસ્તાવના-

ગુજરાતની સંસ્કૃતિ ૫૦૦૦ વર્ષ જુની છે. ભારતીય સંસ્કૃતિના ભાગ રૂપે ગુજરાતની સંસ્કૃતિ વિકસી હોવા છતાં તેની ભૌગોલિક સ્થિતિ, અલગ પર્યાવરણે ગુજરાતની સંસ્કૃતિને તેની પ્રાદેશિક અસ્મિતા આપી. પરંપરાઓથી ગુજરાતના એક એક ઐતિહાસિક તબક્કાના આર્થિક, સાંસ્કૃતિક વિકાસમાં સ્ત્રી એક મહત્વનું ઘટક હતી. ગુજરાતની સંસ્કૃતિના ચણતર, ઘડતરમાં ‘સ્ત્રી’ની મહત્વની ભૂમિકા હોવા છતાં ઇતિહાસના પાનાંઓમાં તે એક અદ્રશ્ય પાત્ર છે, તેનાં કાર્યો પર પ્રકાશ પડાયો નથી.

મધ્યયુગ સુધીના ગુજરાતના ઈતિહાસનાં પાનાંઓમાં સ્ત્રી અંધાર પછેડીમાં જ રહી છે. મધ્યયુગમાં સ્ત્રીઓની અવદશા બાળલગ્ન, પડદાપ્રથાની વાતો કેટલાક ઈતિહાસકારો કરે છે. મધ્યકાલિન સ્ત્રીના અધોગતિની જવાબદારી આરબ, અફઘાન, તુર્ક, મુઘલના આક્રમણો ઉપર લદાય છે. હકીકતમાં પ્રાચીન સમયથી સ્ત્રીઓના સામાજિક દરજ્જા ઉપર પ્રહાર થતા રહ્યા. લગભગ ૧૮૦૦ વર્ષો સુધી વેદ પાશ્ચાત કાલથી ૧૮મી સદી સુધી બ્રિટીશ કાળના આગમન સુધી સ્ત્રીઓની પરાધીન સ્થિતિ ચાલુ રહી. બ્રીટીશ કાળ દરમિયાન સ્ત્રીઓની સામાજિક સ્થિતિ, માન-મોભામાં બદલાવ આવ્યો. સ્ત્રીઓ પ્રત્યેના અભિગમમાં બદલાવ આવવાની શરૂઆત બ્રિટીશકાળ દરમિયાન થઇ. આ ઐતિહાસિક ગાળો સ્ત્રી ઈતિહાસ માટે એક જુદી દીશામાં ફંટાતો કાળ ગણી શકાય.

જીતાયેલી પ્રજા ઉપર પોતાના સર્વોપરિ પાશ્ચાત સાંસ્કૃતિક વિચારો લાદવા માટે બ્રિટીશ રાજ્યકર્તાઓ ભારતીય સંસ્કૃતિની નબળી બાજુઓ, મર્યાદાઓ, સ્ત્રીઓની પરાધીનતા અંગે ટીકા કરવા લાગ્યા. ૧૯મી સદીમાં સામાજિક-ધાર્મિક સુધારણાનું આંદોલન બુદ્ધિજીવીઓએ શરૂ કર્યું. સ્ત્રીઓની સમસ્યાઓ, સ્ત્રીઓના પ્રશ્નો સમાજ વચ્ચે આવ્યા. સામાજિક-ધાર્મિક સુધારણાનો પર્યાય સ્ત્રી ઉન્નતિકાળ બન્યો. ‘સ્ત્રી’ ચર્ચાનો વિષય બની.

➢ ૧૮મી સદીમાં સ્ત્રીનું સ્થાન –

૧૮મી સદીનો સમયગાળો જોઈએ તો ઈ.સ. ૧૭૦૧ થી ઈ.સ. ૧૭૯૯ સુધીનો સમય. ગુજરાતમાં ઈ.સ. ૧૭૦૧ થી ઈ.સ. ૧૭૫૮ સુધી મુખ્યત્વે મુઘલોનું સામ્રાજ્ય હતું. ત્યારબાદ ઈ.સ.

૧૭૫૮ થી ઈ.સ. ૧૮૧૮ના સમય દરમિયાન મરાઠાઓનું વર્ચસ્વ જોવા મળે છે. ૧૮મી સદી દરમિયાન સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ કેવી હતી તેના વિશે જોઈએ.

૧૮મી સદીમાં હિંદુ સમાજમાં લગ્ન પ્રથા હાલના જેવી જ હતી. લગ્ન એ પવિત્ર સંસ્કાર ગણાતો અને એનું બંધન કાયમી ગણાતું. પોતાની પુત્રીનું લગ્ન કરવું એ દરેક પિતાની ફરજ મનાતી. આ સમય દરમિયાન આંતરજ્ઞાતીય લગ્નપ્રથા બહું જ ઓછા પ્રમાણમાં પ્રચલિત હતી. બાળલગ્નો થતાં. બાળલગ્ન અને વૃધ્ધલગ્ન પ્રથા આ સમયે પ્રચલિત હતી. વલ્લભભટ્ટના એક ગરબામાં કન્યા પોતાને વૃધ્ધ પતિ ન મળે તે માટે માતાને સ્તુતિ કરતી વર્ણવી છે. આ સાથે કજોડાં પણ થતાં. નાની ઉંમરનો વર અને મોટી ઉંમરની કન્યા વિશેના ઉલ્લેખો સમકાલીન કવિઓના લખાણમાં મળે છે.

ઘણા પ્રાચીન સમયથી બહુપત્નીત્વ પ્રથા પ્રચલિત હતી. એ ૧૮મી સદીની શરૂઆતમાં પણ ગુજરાતમાં જોવા મળતી હતી. મોટા ભાગના લોકો એક કરતાં વધારે સ્ત્રીઓ સાથે લગ્ન કરવામાં માનતા નહીં. પરંતુ શ્રીમંત લોકો ત્રણ-ચાર સ્ત્રીઓ સાથે પણ લગ્ન કરતા. સતિપ્રથાનો કુરિવાજ પણ આ સમય દરમિયાન પ્રચલિત હતો. તેના પુરાવાઓ ઉપલબ્ધ પાળિયાઓ તથા પરદેશીઓના લખાણો પરથી મળી રહે છે. કચ્છમાં અંજાર, ગેંડી, મુંદ્રા વગેરે સ્થળોએ 'સતિના પાળિયા' મળી આવ્યા છે.

૧૮મી સદીમાં અન્ય સામાજિક કુરિવાજ રૂપે 'વિધવા વિવાહ પર પ્રતિબંધ'ને ગણાવી શકાય. સ્ત્રી વિધવા થતાં સામાન્ય રીતે તેને આજીવન વૈધવ્ય પાળવું પડતું હતું. તેના વ્યવહાર પર અનેક પ્રકારનાં અંકૂશ મુકવામાં આવતા. તે બીજી વખત લગ્ન કરી શકતી નહીં. આ પરિસ્થિતિ હોવા છતાં પછાત વર્ગોમાં, ખેડૂતોમાં વિધવા-પુનર્લગ્નનો રિવાજ પ્રચલિત હોવાનો સંભવ છે. આ વિશેના કેટલાક ઉલ્લેખ કવિ શામળની કવિતા માંથી મળી આવે છે. છુટાછેડાનું પ્રમાણ પણ આ સમયે વધુ જોવા મળતું હતું. સામાન્ય રીતે નીચલા વર્ગોમાં છુટાછેડાની પ્રથા અસ્તિત્વમાં હશે. આજે પણ ઘણી ઉચ્ચ જ્ઞાતિઓમાં પતિ તેડતો ન હોય તો બીજે વળાવી દેવાનો રિવાજ છે. સમાજમાં બાળલગ્ન, વૃધ્ધલગ્ન, કજોડાં, બહુપત્નીત્વ, છુટાછેડા વગેરે સામાજિક દૂષણ હોવા છતાં પણ સ્ત્રી સન્માનની ભાવના ગુજરાતમાં સારા પ્રમાણમાં જોવા મળતી હતી.

આ સમય દરમિયાન મુસ્લિમ સમાજમાં છોકરાને ૧૬ થી ૨૨ વર્ષની ઉંમર સુધીમાં અને છોકરીને ૧૦ થી ૧૮ વર્ષની ઉંમર સુધીમાં લગ્ન કરતાં. મુસ્લિમ સમાજમાં પુનર્લગ્ન સિવાય પહેલા લગ્નમાં છોકરા-છોકરીને પોતાની મેળે પસંદગી કરવાની હોતી નથી. પુખ્ત ઉંમરનો પુત્ર થાય એટલે માતા-પિતા ખાસ કરીને કોઈ સ્ત્રીની મદદથી લગ્ન ગોઠવતાં. તેમના સમાજમાં છૂટાછેડાની પદ્ધતિ કઠિન ન હતી. અહીં છૂટાછેડાને તલાક કહે છે. અને પુરુષની મરજી ઉપર તે આધાર રાખે છે. મુસ્લિમ સમાજમાં પત્નીનું સ્થાન પતિ કરતાં ઊતરતું હતું. વિધવા સ્ત્રી પતિના મૃત્યુ પછી ચાર મહિના દસ દિવસ બાદ પરણી શકતી. આમ હિંદુ વિધવા કરતાં મુસ્લિમ વિધવાઓ કરુણ દશાથી બચી શકતી. મુસ્લિમ સ્ત્રીઓ પડદામાં રહેતી. અને બહાર નીકળે ત્યારે બુરખો ઓઢવાનો રહેતો. જે આજે પણ મુસ્લિમ સમાજમાં જોવા મળે છે.

આમ ૧૮મી સદી દરમિયાન 'સ્ત્રી'નું સમાજમાં સ્થાન પુરુષો કરતાં નીચું હતું. ઉપરાંત ઘણાબધા સામાજિક કુરિવાજોની તે ભોગ બનતી. અલબત્ત સમયની સાથે સાથે બ્રિટીશ યુગમાં

ધીમે ધીમે સમાજમાં સ્ત્રીના સ્થાન અને મહત્વમાં પરિવર્તન આવવા લાગ્યું. જે આપણને ૧૯મી સદીમાં જોવા મળે છે.

- ૧૯મી સદીમાં સ્ત્રીનું સ્થાન-

૧૯મી સદીના ગુજરાતમાં સ્ત્રીઓ અંગેના જુદા જુદા આંકડાઓ સ્ત્રીના દરજ્જા વિશે બહુ આશાસ્પદ ચિત્ર ઉપસાવતા નથી. સમાજમાં સ્ત્રીઓનાં સ્થાન અને ભૂમિકા અંગેના ખ્યાલમાં જે પરિવર્તનો આવ્યા તેની ચર્ચા કરીશું. જુદી જુદી જ્ઞાતીઓમાં સ્ત્રીનો દરજ્જો જુદો જુદો હોવાથી, સ્ત્રીના દરજ્જા અંગે એકત્ર ચિત્ર પ્રાપ્ત કરવું મુશ્કેલ છે. જાડેજા, રાજપૂતો અને કણબીઓ દીકરીને દૂધપીતી કરતા.

ઈ.સ. ૧૮૨૩માં મુંબઈ ઈલાકામાં દેશી કેળવણીની સ્થિતિ ઉપર જ્યારે સર્વેક્ષણ થયું ત્યારે તેમાં જણાયું કે તત્કાલીન કોઈ નિશાળમાં છોકરીઓ ભણતી નહીં. ઈ.સ. ૧૮૨૯માં રાજા રામમોહનરાયે સતી થવાની પ્રથા સામે ઝુંબેશ ઉઠાવી અને ઈ.સ. ૧૮૩૮માં ગુજરાતના લ્યુથર સમા દુર્ગારામ મહેતાજીએ ફરજીયાત વૈધવ્ય સામે પડકાર ઉઠાવ્યો તે ભારતમાં સ્ત્રી સ્વાતંત્ર્યની શરૂઆતનાં સૂચકો છે.

મિશનરીઓ તેમજ બીજી કન્યાશાળાઓ સ્થાપીને સ્ત્રી શિક્ષણનો ફેલાવો કરવા પ્રયત્ન કરતા હતા. મુંબઈમાં સ્ટુડન્ટસ્ લિટરરી અને સાયંટિફિક સોસાયટીએ ઈ.સ.૧૮૪૯માં કન્યાશાળાઓ શરૂ કરી હતી. આ સોસાયટી એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યુટના પ્રો.પેટનના ખાસ પ્રયત્નોથી અસ્તિત્વમાં આવી. તેમને કવિ નર્મદાશંકર 'સ્ત્રી કેળવણીના પિતા' તરીકે બિરદાવે છે. ગુજરાતમાં સ્ત્રીઓ માટે શાળાઓ સ્થાપવાનો સૌ પ્રથમ પ્રયત્ન ઈ.સ. ૧૮૪૯માં અમદાવાદમાં શેઠ હઠીસિંગ કેસરીસિંગના કુટુંબની નાણાકીય મદદથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ કર્યો હતો. શરૂઆતમાં માત્ર એક જ છોકરી નિશાળે આવતી. પરંતુ વર્ષ પૂરું થતાં સુધીમાં તેઓની સંખ્યા પાંચની થઈ ગઈ. ૧૯મી સદીમાં સ્ત્રી કેળવણી પ્રત્યે વલણ બદલાયું હતું. નર્મદ, દલપતરામ, કરસનદાસ અને અન્ય સામાજીક વિચારકોએ સ્ત્રી કેળવણી માટે જોરદાર વકીલાત કરી હતી.

ગુજરાતમાં ૧૯મી સદી દરમિયાન બાળલગ્નનું પ્રમાણ ઘટ્યું ન હોવા છતાં એનાં અનિષ્ટો વિશે એક નવી સભાનતા આવતી હતી. અને આ પ્રથા સામે ઝુંબેશ ઉઠાવવાની તત્પરતા પણ આ જ સદીમાં પ્રબળ થતી જોઈ શકાય છે. બાળલગ્નનો ચાલ એટલો બધો પ્રચલિત હતો કે તે સમયના લગભગ બધા જ અગ્રણીઓ પોતે જ ઘણી નાની ઉંમરે પરણ્યા હતા. તેમની પત્નીઓ તો વળી એથીય નાની હતી. નવલરામ ૧૧ વર્ષે પરણ્યા અને પ્રથમ પત્નીના મૃત્યુ પછી ૧૪ વર્ષની ઉંમરે ૯ વર્ષની કન્યા સાથે ફરી લગ્ન કર્યું. અને નર્મદનું પહેલું લગ્ન ૧૨ વર્ષની ઉંમરે થયું હતું. આ રીવાજની વિષમ અસરો જેવી કે કેળવણીમાં અંતરાય, માંદલાં બાળકો, કજોડાં લગ્નો, છોકરીઓન આરોગ્ય પર હાનિકારક અસરો, બાળ વિધવા વગેરે તરફ ધ્યાન દોરાયું. આ અનિષ્ટને નાબુદ કરવા ઈ.સ. ૧૮૭૧માં બાળલગ્ન નિષેધક મંડળ સ્થાપીને એક નક્કર પ્રયત્ન કરવામાં આવ્યો.

૧૯મી સદીમાં કેટલીક જાતિઓમાં એવી પ્રબળ માન્યતા હતી કે સ્ત્રીના મોક્ષ માટે લગ્ન એ અત્યંત આવશ્યક છે. આથી જ જાડેજા, રાજપૂતો અને કણબીઓ જેવી કેટલીક ગુજરાતની જ્ઞાતીઓમાં બાળકીઓને દૂધપીતી કરવાનો રીવાજ પ્રચલિત હતો. આ પ્રથા ભરૂચ અને સૌરાષ્ટ્ર વિસ્તારની કેટલીક રાજપૂત કોમોમાં પણ જણાતી હતી. ઈ.સ. ૧૮૪૪ પછી બાળહત્યા વિરુદ્ધ જાહેર મત ઉભો કરવા પ્રયત્નો પણ કરવામાં આવ્યા હતા.

સ્ત્રી વિધવાઓ સાથે સંકળાયેલી સમસ્યાઓ બે જાતની હતી. એકનો સંબંધ સતી થવાના ચાલ સાથે હતો અને બીજાનો સંબંધ સમાજમાં વિધવાના દુ:ખદ અને પરાધીન સ્થાન જેમાં આજીવન વૈધવ્યનો પણ સમાવેશ થાય છે તેની જોડે હતો. બંગાળમાં રાજા રામમોહનરાય અને બીજાઓના આંદોલન પરિણામે ઈ.સ. ૧૮૨૯માં પસાર થયેલો 'સતી' અંગેનો અધિનિયમ ગુજરાતમાં પણ લાગું પાડવામાં આવ્યો હતો. ભારતના બિજા રાજ્યો કરતાં ગુજરાતમાં સતી થવાની પ્રથા ભાગ્યે જ જોવા મળતી હતી.

જ્ઞાતિ, લગ્ન અને સ્ત્રીઓના સ્થાન જેવા વિષયો પ્રત્યેનો પરાપૂર્વથી ચાલતો આવતો અભિગમ ધીમે ધીમે નાબૂદ થઇ તેને સ્થાને આધુનિક બિનસાંપ્રદાયિક દ્રષ્ટિ કેળવાતી જતી હતી. સ્ત્રીઓનું સ્થાન સમાજમાં ઉંચું આણવાના પ્રયત્નો થયા હતા. જો કે તેના પરિણામો ૧૯મી સદીમાં ચકિત કરી દે તેવાં આવ્યાં ન હતાં, તો પણ સ્ત્રીઓના દરજ્જા પ્રત્યેનું વલણ બદલાતું જતુ હતું એ તો દેખીતું જ છે.

૧૮મી અને ૧૯મી સદી દરમિયાન કેટલીક સ્ત્રીઓએ સાહિત્ય ક્ષેત્રે સારું એવુ પ્રદાન આપીને સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઉંચું લાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. જેમાં જોઇએ તો ૧૮મી સદીમાં ગવરીબાઇ (ઈ.સ.૧૭૫૯), જાનીબાઈ (ઈ.સ.૧૭૭૧-ઈ.સ. ૧૮૧૨), દીવાળીબેન (ઈ.સ. ૧૭૯૧)ને મુખ્ય ગણાવી શકાય. આ સ્ત્રીઓ સંત કવયિત્રીઓ હતી. રબારી કોમમાંથી અમરબાઈ રક્તપિત્તથી પીડાતા લોકોની સેવા માટે સૌરાષ્ટ્રમાં જાણીતા હતાં. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ગૃહલક્ષ્મીની ક્ષિતિજો વિકસી. ગુજરાતની પ્રથમ મહિલા સંસ્થા 'ગુજરાત લેડીઝ ક્લબ' સોરાબજી કુટુંબની બહેનોએ અંગ્રેજ સ્ત્રીઓના સહકારથી ઈ.સ. ૧૮૧૮માં સ્થાપી હતી. હરકુંવર(ઈ.સ.૧૮૨૩-ઈ.સ.૧૮૭૬), શિવકાશી(ઈ.સ.૧૮૨૩-ઈ.સ.૧૮૬૬), પાર્વતીકુવર(ઈ.સ.૧૮૩૦-ઈ.સ.૧૮૮૦), રૂક્ષ્મણી, જયુબહેન અને બાળાબહેન, આલીબહેન, સમરથ બહેન આ સ્ત્રીઓ ઈ.સ. ૧૮૬૦ની આસપાસ અમદાવાદના ધનિક વેપારીઓ અને ઉપલા મધ્યમ વર્ગની સ્ત્રીઓ ઘેર સમૂહમાં મળવા લાગી. આ સ્ત્રીઓ મુસ્લિમોને બાદ કરતાં વિવિધ જ્ઞાતિઓ અને કોમોમાંથી આવતી હતી, તે જોતાં આ પ્રક્રિયા ભદ્રવર્ગીય હોવા છતાં પરિવર્તનલક્ષી હતી.

➢ સમાપન-

૧૮મી અને ૧૯મી સદીના સુધારકોએ સ્ત્રી ઉન્નતિ, જાગૃતિ અને ચેતનાના માર્ગે નારીને વાળવા પ્રયાસ કર્યો. પણ પ્રણાલીઓ અને રૂઢીઓની ભીતરમાં રહીને સુધારાના પ્રયાસો ઉદાર બુધ્ધિજીવીઓ અને પુનરુત્થાનવાદીઓએ કર્યો. સ્ત્રી કેળવણીનો પ્રચાર થયો. સતિપ્રથા, બાળલગ્નો, દહેજ, વિધવા વિવાહ નિષેધ, બાળહત્યા વગેરે કુરિવાજો અંગે જાગૃતિ સધાઈ પણ સ્ત્રીઓના, અધિકારો માન-મોભાને મર્યાદિત કરતાં તત્વો જેવાં કે પિતૃસત્તા, ધર્મશાસ્ત્રોના કાયદાઓ, જ્ઞાતિપ્રથા ઉપર કોઇએ પ્રહારો ન કર્યા. સ્ત્રી જાગૃતિની શરૂઆત જરૂરથી થઇ. પરિબળો પ્રગતિની દિશા તરફ ધકેલાયાં. આમાંથી જ સ્ત્રી નેતૃત્વ આવ્યું. અને સ્ત્રીઓએ જાતે સુધારાને જવાબદારી સંભાળી.

સંદર્ભસૂચિ

૧. આચાર્ય ડૉ. નવીનચંદ્ર, 'મુઘલકાકીન ગુજરાત', પ્રથમ આવૃત્તિ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ, ૧૯૭૪.
૨. કવિ નર્મદાશંકર લાલશંકર, 'રાજ્યરંગ', ભાગ ૧-૨, ફાર્બસ ગુજરાતી સભા, મુંબઇ, ૧૯૩૫.

૩. દવે નર્મદાશંકર લાલશંકર, 'નર્મકોષ', મુંબઈ, ૧૮૭૩.

૪. દેસાઈ ઈશ્વરલાલ ઈચ્છારામ, 'સૂરત સોનાની મૂરત', સૂરત, ૧૯૫૮.

૫. દેસાઈ ડૉ. નીરા અ., 'ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજીક પરિવર્તન', ત્રિજી આવૃત્તિ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ,૨૦૧૨.

૬. પરીખ રસિકલાલ છોટાલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર, 'ગુજરાતનો રાજકિય અને સાંસ્કૃતિક ઈતિહાસ- મરાઠાકાળ', શેઠ ભો.જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૮૧.

૭. મહેતા શિરીન, 'ગુજરાતમાં નારીચેતના', ત્રિદીપ સુહ્યદ, અમદાવાદ, ૨૦૦૯.

૮. માસ્તર કરિમ મહમ્મદ, મહાગુજરાતના મુસલમાનો, વડોદરા,૧૯૬૯.

૯. શાસ્ત્રી દુર્ગાશંકર કે., 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ', અમદાવાદ, ૧૯૫૩.